# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 29-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY : TUESDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

**1)** **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં ઓપરેશન સિંદૂર પરની ચર્ચામાં જણાવ્યું કે, ઓપરેશન મહાદેવમાં પહલગામ આતંકી હુમલામાં સામેલ આતંકવાદીઓ ઠાર મરાયા**

**2)** **વિરોધ પક્ષના હોબાળાને કારણે રાજ્યસભાની કાર્યવાહી બપોરના 2 વાગ્યા સુધી સ્થગિત.**

**3)** **ઝારખંડમાં બસ અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં છ શ્રદ્ધાળુઓના મોત, 24ને ઈજા**

**4)** **આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ- કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે વાઘ અને તેમના માળખાનું રક્ષણ કરવા સૌને અપીલ કરી.**

**5)** **થાઇલેન્ડે કંબોડિયા પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો**

.........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

**AMIT SHAH PARLA**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં ઑપરેશન સિંદૂર અંગેની વિશેષ ચર્ચા દરમિયાન ઑપરેશન મહાદેવની માહિતી આપી . તેમણે કહ્યું, આ અભિયાન અંતર્ગત પહલગામ આતંકી હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓને ઠાર મરાયા છે. તેમણે કહ્યું , સેના, કેન્દ્રીય અનામત પોલીસ દળ - **CRPF** અને જમ્મુ-કાશ્મીર પોલીસના સંયુક્ત અભિયાનમાં આ ત્રણેય આતંકી ઠાર મરાયા હતા.

શ્રી શાહે કહ્યું, જે લોકોએ આ આતંકવાદીઓને મદદ કરી હતી , તેમની પાસે પણ ઓળખ કરાવવામાં આવી હતી. આ જ લોકો પહલગામમાં હુમલો કરનારા આતંકવાદી હતા. આ ઉપરાંત ઘટનાસ્થળેથી મળેલી કારતૂસ અંગે ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- **F.S.L.** તપાસ કરાવવામાં આવી.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER)**

-------------

# OPERATION MAHADEV

જમ્મુ અને કાશ્મીરમાં , શ્રીનગર જિલ્લાના હરવાન વિસ્તારમાં લિડવાસ જંગલોમાં ગઈકાલે એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ વિસ્તાર શ્રીનગર શહેરની બહાર આવેલો છે. કાશ્મીરના આઈજીપી વી કે બિરદીએ મીડિયાને જણાવ્યું હતું કે માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . .

# RS ADJOURN

ગૃહમાં  વિરોધ પક્ષનાં  હોબાળાને કારણે રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.  આજે ગૃહ શરૂ થતાં જ ઉપાધ્યક્ષ હરિવંશે શૂન્યકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષના સભ્યોએ બિહારમાં વિશેષ સઘન સમિક્ષા- **SIR** સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માંગણી કરીને હોબાળો મચાવ્યો.

ઉપાધ્યક્ષે કહ્યું કે તેમને વિવિધ મુદ્દાઓને લગતા વિવિધ રાજકીય પક્ષો તરફથી 24 મુલતવી નોટિસ મળી છે પરંતુ ચુકાદાને ટાંકીને નોટિસોને ફગાવી દેવામાં આવી છે. ઘોંઘાટભર્યા વાતાવરણ વચ્ચે, ગૃહ બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . .

# LS - FARMERS

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે સરકારે છેલ્લા દસ વર્ષમાં ખેડૂતોની આવક અને ખાદ્યાન્નનું ઉત્પાદન વધારવા માટે અનેક પગલાં લીધા છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી ચૌહાણે કહ્યું કે , ખાદ્યાન્નનું ઉત્પાદન 2013-2014માં 246 મિલિયન ટનથી વધીને આજે 353 મિલિયન થયું છે.

તેમણે કહ્યું કે , કઠોળનું ઉત્પાદન પણ 2013-2014માં 16 મિલિયન ટનથી વધીને 25 મિલિયન ટનથી વધુ થયું છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે ખેડૂતોની આવક વધારવા માટે છ પગલાં લીધા છે.

જેમાં ઉત્પાદનમાં વધારો , ખર્ચમાં ઘટાડો , નુકસાનનું વળતર અને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ આપવાનો સમાવેશ થાય છે. શ્રી ચૌહાણે જણાવ્યું કે કૃષિ ક્ષેત્ર માટેનું બજેટ પણ યુપીએ સરકાર દરમિયાન 27 હજાર કરોડ રૂપિયાથી વધીને NDA સરકાર હેઠળ એક લાખ 27 હજાર કરોડ રૂપિયા થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PARL - CHESS

સંસદના બંને ગૃહોએ આજે FIDE મહિલા ચેસ વિશ્વ કપ 2025 જીતવા બદલ ચેસ ખેલાડી દિવ્યા દેશમુખની પ્રશંસા કરી. રાજ્યસભામાં , ઉપસભાપતિ હરિવંશે કહ્યું કે દિવ્યા દેશમુખે સ્પર્ધા જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. તેમણે કહ્યું કે તે મણે નાની ઉંમરે નોંધપાત્ર કૌશલ્ય અને સ્થિતિસ્થાપકતા દર્શાવી છે અને તે મની યાત્રા યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.

લોકસભામાં, અધ્યક્ષ ઓમ બિરલાએ દિવ્યા દેશમુખની પ્રશંસા કરતા કહ્યું કે સમગ્ર રાષ્ટ્ર દિવ્યાની જીતથી ખુશ છે. તેમણે એ વાતનો પણ આનંદ વ્યક્ત કર્યો કે FIDE મહિલા ચેસ વર્લ્ડ કપની બંને ફાઇનલિસ્ટ ભારતીય મહિલાઓ હતી.

. . .

# NEP 2020

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- **NEP** 2020ના આજે 5 વર્ષ પૂર્ણ થયા છે. **NEP** ના અમલથી ભારતની શાળાઓને એવી જગ્યાઓમાં પરિવર્તિત કરવાનો મહત્વાકાંક્ષી રોડમેપ રજૂ થયો જ્યાં શિક્ષણ હવે પાઠ્યપુસ્તકો , ગુણ કે યાદ રાખવા સુધી મર્યાદિત નથી.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે છેલ્લા પાંચ વર્ષોમાં, શિક્ષણ નીતિએ ભારતમાં વધુ સમાવિષ્ટ , શીખનાર-કેન્દ્રિત અને ભવિષ્ય માટે તૈયાર શિક્ષણ પ્રણાલીનો પાયો નાખ્યો છે.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . .

# JHARKHAND- ROAD ACCIDENT

ઝારખંડમાં, આજે સવારે દેવઘર-હંસદીહા માર્ગ પર મોહનપુર તાલુકામાં જામુનિયા ચોક પાસે બસ અને ટ્રક સામસામે અથડાતાં દેવઘર જઈ રહેલા છ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે 2 4 વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે આ અકસ્માતમાં મૃત્યુઆંક વધુ વધી શકે છે. કાવડિયાઓથી ભરેલી બસ દેવઘર જઈ રહી હતી , ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.

. . . . . . . . . .

# PM-JHARKHAND ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેવઘરમાં થયેલા માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા શ્રદ્ધાળુઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ આ અકસ્માતને દુઃખદ ગણાવ્યો છે. શ્રી મોદીએ તમામ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરી છે.

. . . . . . . . .

# TIGER DAY-BHUPENDER YADAV

આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. દર વર્ષે 29 જુલાઈના રોજ આ દિવસ વિશ્વભરમાં વાઘના કુદરતી રહેઠાણોનું સંરક્ષણ કરવા સંરક્ષણ પ્રયાસોને સમર્થન આપવા માટે ઉજવવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે , કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે વાઘ સંરક્ષણમાં ભારતની નોંધપાત્ર સફળતા પર પ્રકાશ પાડ્યો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી યાદવે ઉલ્લેખ કર્યો કે 58 અભ્યારણ્ય અને 3 હજાર 682 વાઘ સાથે , દેશ વાઘ સંરક્ષણમાં વિશ્વ માટે એક ઉદાહરણ તરીકે ઉભરી આવ્યો છે.

તેમણે કહ્યું કે વાઘ સંરક્ષણ ફક્ત પ્રજાતિઓને બચાવવા વિશે નથી. મંત્રીએ ઉમેર્યું કે વાઘની વધતી સંખ્યા તેઓ જે જંગલોમાં રહે છે તેના સ્વાસ્થ્યનું પણ પ્રતીક છે. શ્રી યાદવે દરેકને વાઘ અને તેમના માળખાનું રક્ષણ કરવા માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી.

આ પ્રસંગે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રાણી સંગ્રહાલય ઉદ્યાનમાં એક કાર્યક્રમને સંબોધતા, શ્રી યાદવે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં , દેશમાં અગિયાર નવા વાઘ અભયારણ્યો ઉમેરવામાં આવ્યા છે , જે **2014** માં **47** થી વધીને હવે **58** થયા છે.

. . . . . . . .

# CAMBODIA THAILAND CEASEFIRE UPDATE

થાઇલેન્ડે કંબોડિયા પર ગઈકાલે થયેલા યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે , અને કહ્યું છે કે પાંચ દિવસની લડાઈને સમાપ્ત કરવાના ઉદ્દેશ્યથી થયેલા કરાર છતાં પણ અથડામણ ચાલુ રહી છે.

રોયલ થાઈ આર્મીના પ્રવક્તા, મેજર જનરલ વિન્થાઈ સુવારીએ જણાવ્યું હતું કે, કંબોડિયાએ રાતોરાત થાઈ પ્રદેશ પર અનેક સ્થળોએ હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે , થાઈલેન્ડે આને કરારનું ઇરાદાપૂર્વકનું ઉલ્લંઘન માન્યું હતું , જેનો હેતુ એકબીજા વચ્ચેનો વિશ્વાસ નષ્ટ કરવાનો હતો.

વિન્થાઈએ ઉમેર્યું હતું કે થાઈ સૈન્યએ મધ્યરાત્રિએ તાત્કાલિક ગોળીબાર બંધ કરી દીધો હતો , પરંતુ તેણે કંબોડિયાની કાર્યવાહીનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે, થાઈ પક્ષે આક્રમણ કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ કર્યો ન હતો , પરંતુ આંતરરાષ્ટ્રીય નિયમો હેઠળ અતિક્રમણ અટકાવવા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ જાળવવા માટે કર્યો હતો.

મલેશિયામાં એક દાયકાથી વધુ સમયમાં પડોશી દેશો વચ્ચેની સૌથી ખરાબ લડાઈને રોકવા માટે થયેલી વાટાઘાટો પછી ગઈકાલે બંને પક્ષો તાત્કાલિક અને બિનશરતી યુદ્ધવિરામ માટે સંમત થયા હતા.

. . . . . . . . . . . .

# CHINA RAIN HAVOC

ચીનમાં, બેઇજિંગ અને તેના  નજીકનાં પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરને કારણે 30થી વધુ લોકોના મોત થયા છે. ચીનના મીડિયાએ અહેવાલ આપ્યો છે કે રાજધાનીમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરાયું છે.

ગઈકાલે મધ્યરાત્રિ સુધીમાં  ,  બેઇજિંગના સૌથી વધુ અસરગ્રસ્ત મિયુન જિલ્લામાં 28 લોકો અને યાનકિંગ જિલ્લામાં બે લોકો મૃત્યુ પામ્યા હતા. હેબેઈ પ્રાંતમાં ભૂસ્ખલનમાં ચાર લોકો માર્યા ગયા હતા , જ્યારે આઠ અન્ય હજુ પણ ગુમ છે.

. . . . .

# DAY MANHATTAN SHOOTING

અમેરિકામાં, ગઈકાલે મેનહટન ઓફિસ બિલ્ડિંગમાં એક બંદૂકધારીએ ગોળીબાર કર્યો હતો જેમાં ન્યૂયોર્ક પોલીસ વિભાગના અધિકારી સહિત પાંચ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે 27 વર્ષીય શંકાસ્પદ , જેની ઓળખ શેન તામુરા તરીકે થઈ છે, તે એક ઇમારતના 33મા માળે આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો હતો. ન્યૂયોર્ક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે , ગોળીબારના અહેવાલો આવતાની સાથે જ ફાયર વિભાગના કટોકટી દળને તાત્કાલિક રવાના કરવામાં આવ્યા હતા.

. . . . . .

# IRAN WARNS ISRAEL US

ઈરાનના વિદેશ મંત્રીએ ચેતવણી આપી છે કે જો અમેરિકા અને ઈઝરાયલ ફરીથી ઈરાન પર હુમલો કરશે તો તેમનો દેશ વધુ નિર્ણાયક રીતે જવાબ આપશે. આ પ્રતિક્રિયા ગઈકાલે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીના જવાબમાં હોવાનું જણાય છ. સોશિયલ મીડિયા પોસ્ટમાં , ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે , જો આક્રમકતા ફરી શરૂ થશે , તો ઈરાન વધુ નિર્ણાયક રીતે જવાબ આપશે.

ઈઝરાયલે અચાનક બોમ્બમારો શરૂ કર્યા બાદ તેહરાનના પરમાણુ સુવિધાઓ પર અમેરિકાના હુમલાથી કેટલું નુકસાન થયું તે સ્પષ્ટ થયું નથી.

= = = = = =